# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-08-2024** **Morning : 7.45 to 7.55**

**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

*****************************************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે યુક્રેનના પ્રવાસે, દ્વીપક્ષીય સહકાર હેતુ માટે રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથે વાતચીત કરશે.
- ✓ સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ આજે અમેરિકાના સંરક્ષણ મંત્રી લૉયડ ઑસ્ટિન અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર સાથે બેઠક કરશે
- ✓ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અમદાવાદ અને ગાંધીનગરની મુલાકાત દરમિયાન વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે
- ✓ દેશભરમાં આજે પ્રથમ રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ભારત મંડપમ ખાતે મુખ્ય સમારોહનું ઉદ્ઘાટન કરશે.
- ✓ સ્વીટ્ઝરલેન્ડમાં આયોજીત ડાયમંડ લીગ ચેમ્પિયનશીપમાં નીરજ ચોપડા પુરુષોની ભાલા ફેંક સ્પર્ધામાં બીજા સ્થાને રહ્યા

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM POLAND VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પૉલેન્ડ અને યુક્રેન પ્રવાસના ત્રીજા દિવસે આજે યુક્રેનની રાજધાની કિવ પહોંચશે. પ્રવાસ પૂર્વે શ્રી મોદીએ કહ્યું કે તેઓ દ્વીપક્ષીય સહકારને મજબૂત બનાવવા અને યુક્રેન સંઘર્ષના શાંતિપૂર્ણ સમાધાન માટે રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથે વાતચીત કરશે.

આ પૂર્વે ભારત અને પૉલેન્ડ પોતાના સંબંધોને રાજદ્વારી ભાગીદારીમાં બદલવા પર સહમત થયા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે વૉરસૉમાં પૉલેન્ડના પ્રધાનમંત્રી ડોનાલ્ડ ટસ્ક સાથે પ્રતિનિધિમંડળ સ્તરની બેઠક બાદ આ જાહેરાત કરી હતી.

શ્રી મોદીએ કહ્યું કે આ વર્ષે બંને દેશો રાજકીય સંબંધોની 70મી વર્ષગાંઠ ઉજવી રહ્યા છે. તેમણે જણાવ્યું કે ભારત અને પૉલેન્ડના સંબંધો લોકતંત્ર જેવા સમાન મૂલ્યો પર આધારિત છે.

શ્રી મોદીએ કહ્યું કે 45 વર્ષ બાદ કોઈ ભારતીય પ્રધાનમંત્રી પૉલેન્ડના પ્રવાસે છે, આ કારણે બંને દેશોના સંબંધોનું વિશેષ મહત્વ છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે વર્ષ 2022માં યુક્રેન યુદ્ધ દરમિયાન ભારતીય વિદ્યાર્થીઓને બચાવવામાં પૉલેન્ડની ભૂમિકાને ભારત ક્યારેય નહીં ભૂલે. તેમણે પૉલેન્ડની કંપનીઓને મેક ઇન ઇન્ડિયા અને મેક ફૉર ધી વર્લ્ડમાં ઝુંબેશમાં સામેલ થવા અપીલ કરી. શ્રી મોદીએ જણાવ્યું કે જાન્યુઆરી 2025માં પૉલેન્ડ યુરોપિય સંઘની અધ્યક્ષતા કરશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે પૉલેન્ડના સમર્થનથી ભારત અને યુરોપિય સંઘ દેશો વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનશે.

..............................................................................

પૂલ – સુનિતા, નવીન

# RAJNATH SINGH US VISIT

સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ અમેરિકાના સંરક્ષણ મંત્રી લૉયડ ઑસ્ટિનના આમંત્રણ પર અમેરિકાના ચાર દિવસીય પ્રવાસે ગઈકાલે સાંજે વૉશિંગ્ટન પહોંચ્યા છે. આ પ્રવાસ દરમિયાન શ્રી સિંહ અમેરિકામાં તેમના સમકક્ષ સાથે દ્વીપક્ષીય બેઠક કરશે તેમજ અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવન સાથે પણ બેઠક કરશે.

સંરક્ષણ મંત્રી અમેરિકાના સંરક્ષણ ઉદ્યોગના પ્રતિનિધિઓ સાથે વર્તમાનમાં ચાલી રહેલા તેમજ ભવિષ્યમાં થનારા કાર્યક્રમો અંગે ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરશે.

ગત વર્ષે નવેમ્બરમાં થયેલા પાંચમાં વાર્ષિક ભારત અમેરિકા ટુ પ્લસ ટુ મંત્રી સ્તરીય સંવાદ બાદ ભારત અને અમેરિકાની દ્વીપક્ષીય સંરક્ષણ પહેલની પ્રગતિની પ્રશંસા કરી.

અમેરિકાએ ભારતીય સેનાના આધુનિકરણ, સંરક્ષણ તેમજ ઔદ્યોગીક સહકાર માટે ભારત અને અમેરિકા વચ્ચે સહકાર વધારનારા કાર્યક્રમોને સમર્થન આપવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. બંને દેશોએ જાન્યુઆરી 2023માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઇડન દ્વારા શરૂ કરાયેલા આઇસીઈટી કાર્યક્રમ દ્વારા પારસ્પરિક ભાગીદારીને મજબૂત બનાવવા સહમતી વ્યક્ત કરી છે.

.....................................................................

પૂલ - સુનિતા, નવીન

# VICE PREZ-GUJARAT VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે અમદાવાદ અને ગાંધીનગરની મુલાકાતે છે. તેઓ નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે વિદ્યાર્થીઓને સંબોધશે. આ ઉપરાંત ગુજરાત યુનિવર્સિટી ખાતે ધર્મ ધમ્મ આંતરરાષ્ટ્રીય સંમેલનમાં હજારી આપશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આ સંમેલનમાં ઉપસ્થિત રહેશે.

.........................................................................

પૂલ 0 સુનિતા, નવીન

# NEPAL FLOOD

છેલ્લા બે દિવસથી સતત ભારે વરસાદને કારણે આવેલા પૂરને પગલે પશ્ચિમ નેપાળના કૈલાલી જિલ્લાના 500 પરિવારોને અસર થવા પામી છે.

પૂરને પગલે અંદાજે 1700 લોકોને અસર થવા પામી છે. કૈલાલી ગ્રામીણ નગર પાલિકા ઉપરાંત ભજનીસ ઘોડાઘોડી અને ગૌરી ગંગા નગર પાલિકા વિસ્તારો સૌથી વધારે પ્રભાવિત છે. નેપાળ પોલીસ અને સશસ્ત્ર પોલીસ દળોની મદદથી બચાવ કામગીરી ચાલી રહી છે.

કટૈની, શિબગંગા, કાંડ્રા પથરૈયા અને મોહના નદીના પૂરના પાણી અનેક વિસ્તારોમાં ફરી વળ્યા છે. કેટલાક રહેણાંક વિસ્તારોમાં ભોજન અને જરૂરી વસ્તુઓની અછત સર્જાઈ છે.

.....................................................................

પૂલ ૦ સુનિતા, નવીન

# SPACE DAY

દેશભરમાં આજે પ્રથમ રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે મુખ્ય સમારોહનું ઉદ્ઘાટન કરશે.

આ પ્રસંગે રાષ્ટ્રપતિ રોબોટિક્સ ચેલેન્જ અને ભારતીય અંતરિક્ષ હેકેથૉનના વિજેતાઓનું સમ્માન કરશે. રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસની આ વર્ષની થીમ છે – ચંદ્રમાને સ્પર્શ કરતા જીવનને સ્પર્શ કરવોઃ ભારતની અવકાશ ગાથા.

.....................................................................

પૂલ – સુનિતા,

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરી શકો છો...

.........................................................................

ડેસ્ક

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે 11 વાગ્યે, આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત કાર્યક્રમ' દ્વારા પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની માસિક કડીનો આ 113મો એપિસોડ હશે.

આ કાર્યક્રમ આપ આકાશવાણી, દુરદર્શન, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર સાંભળી શકશો.

આ ઉપરાંત આકાશવાણીની અંગ્રેજી, હિન્દી તેમજ પ્રાદેશિક ભાષાઓની યુટ્યૂબ ચેનલ ઉપર પણ આપ તેને સાંભળી શકશે. આકાશવાણી પરથી મુખ્ય કાર્યક્રમના તુરત બાદ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

..................................................................

પૂલ 0 સુનિતા, નવીન

# એક અગત્યની જાહેરાત

આકાશવાણી અમદાવાદનો પ્રાદેશિક સમાચાર વિભાગ આજે રાષ્ટ્રીય અવકાશ દિવસ નિમિત્તે "માનવ કલ્યાણ માટે અવકાશ" આ વિષય ઉપર આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી ખાસ ચર્ચા પ્રસારિત કરશે.

આ ચર્ચામાં ઇસરોના નિવૃત્ત વૈજ્ઞાનિક સી એમ નાગરાણી અને આકાશવાણી અમદાવાદના સંવાદદાતા અપર્ણા ખુંટ ભાગ લેશે. આ કાર્યક્રમ આકાશવાણી અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી આજે રાત્રે સાડા આઠ વાગ્યાથી પ્રસારિત થશે.

(અગત્યની જાહેરાત પૂરી થઇ.)

..................................................................

# NEERAJ CHOPRA

સ્વીટ્ઝરલેન્ડના લુસાનેમાં આયોજીત ડાયમંડ લીગ ચેમ્પિયનશીપમાં નીરજ ચોપડા પુરુષોની ભાલા ફેંક સ્પર્ધામાં બીજા સ્થાને રહ્યા. નીરજે આ સિઝનનો સર્વશ્રેષ્ઠ 89.48 મીટર સુધી ભાલો ફેંક્યો હતો. જ્યારે પીટર્સ એન્ડરસેન 90.61 મીટર સાથે પ્રથમ ક્રમાંકે રહ્યા હતા. નીરજ ચોપડા પાંચમી વાર ડાયમંડ લીગમાં ભાગ લઈ રહ્યા છે.

......................................................................

પૂલ ૦ સુનિતા, નવીન

# MANDAVIYA BOSKIYA

કેન્દ્રીય રમત ગમત મંત્રી મનસુખ માંડવિયાએ ગત માસમાં ઇજિપ્તના કાહિરામાં વિશ્વ બોકિયા ચેલેન્જર સ્પર્ધામાં ભાગ લેનારા ભારતીય એથલિટ સાથે મુલાકાત કરી હતી. ડૉક્ટર માંડવિયાએ એથલિટને તેમના સારા પ્રદર્શન બદલ શુભેચ્છા પણ પાઠવી હતી.

ભારતે આ ચેમ્પિયનશીપમાં એક સુવર્ણ, બે રજત અને બે કાંસ્ય ચંદ્રક સહિત કુલ પાંચ ચંદ્રકો જીત્યા છે.

.................................................................

પૂલ – સુનિતા, નવીન

# KHELO INDIA

પશ્ચિમ ભારત માટેની ખેલો ઇન્ડિયા અસ્મિતા વુશુ લીગનો આવતીકાલથી ઉત્તર પ્રદેશના મેરઠમાં પ્રારંભ થશે. ચાર દિવસની આ લીગ 27 ઑગસ્ટ સુધી ચાલશે. જેમાં ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને ગુજરાત સહિત પશ્ચિમ ભારતના વિવિધ રાજ્યોના મહિલા એથલિટ ભાગ લેશે. જેનું જીવંત પ્રસારણ ખેલો ઇન્ડિયા વિમન્સ લીગની યુટ્યૂબ ચેનલ પર જોઈ શકાશે.

..................................................................

પૂલ 0 સુનિતા, નવીન

# FIRST WOMEN TEST

ઇગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બૉર્ડ – ECBએ મહિલાઓ માટેની પ્રથમ ટેસ્ટ મેચ ભારત અને ઇંગ્લેન્ડ ટીમ વચ્ચે 2026માં ઇંગ્લેન્ડના લોર્ડ્સ ક્રિકેટ સ્ટેડિયમમાં યોજવાની જાહેરાત કરી છે.

ગઈકાલે વેબસાઇટ પર એક સત્તાવાર નિવેદનમાં ECBના મુખ્ય કાર્યકારી અધિકારી રિચાર્ડ ગોલ્ડે પુષ્ટિ કરતા કહ્યું છે કે, તેઓ આનંદ અનુભવે છે કે લોર્ડ્સમાં પ્રથમ વખત મહિલા ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડની ટીમ ભારતીય ટીમ સાથે મુકાબલો કરશે. શ્રી ગોલ્ડે કહ્યું કે તે એક મહત્વનો પ્રસંગ બની રહેશે.

દરમિયાન, ભારતીય મહિલા ટીમ પણ પાંચ મેચોની ટી20 અને 3 વનડે રમવા માટે આવતા વર્ષના મધ્યમાં ઇંગ્લેન્ડ પ્રવાસે જશે.

.....................................................................

પૂલ 0 સુનિતા, નવીન

# NEWS PAPER HEADLINES

## અને હવે આજનાં અખબારોનાં મહત્વનાં સમાચારો સહયોગી અનિલ પટેલ

1) કેટલાંક અખબારોએ કોલકાતા દુષ્કર્મ કેસમાં સર્વોચ્ચ અદાલતે પશ્ચિમ બંગાળ સરકારની કરેલી ટીકાનાં સમાચારને હેડલાઇન્સમાં પ્રકાશિત કર્યા છે. સંદેશની હેડલાઇન લખે છેઃ 30 વર્ષમાં આવી લાપરવાહી જોઈ નથીઃ જસ્ટીસ પારડીવાલા..

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પોલેન્ડ મુલાકાતનાં સમાચાર પણ તમામ અખબારોએ પ્રકાશિત કર્યા છે.

3) ઇન્ડિયન એક્સપ્રેસ અને નવગુજરાત સમયે પહેલા પાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને પોલેન્ડના પ્રધાનમંત્રી ડોનાલ્ડ ટસ્કની તસવીર પ્રકાશિત કરી છે

4) ગુજરાત સમાચારે હેડલાઇનમાં લખ્યું છે, એ-વન અને એ-ટુ પ્રોટીનયુક્ત દૂધ, ઘીનાં નામે વેપાર બંધ કરો- ફુડ સેફ્ટી સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઇન્ડિયાનો આદેશ

5) ગઈ કાલે વરસાદને પગલે અમદાવાદનાં કેટલાંક વિસ્તારોમાં પાણી ભરાઇ જવાથી લોકોને પડેલી હાલાકીની તસવીરો તમામ અખબારોએ પ્રકાશિત કરી છે..

6) સંદેશનો એક અહેવાલ લખે છે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હોસ્પિટલોમાં નવી વિઝિટર પોલિસી આવશેઃ સાંજે ચારથી છમાં જ દર્દીને મળી શકાશે

7) દિવ્યભાસ્કર લખે છે કે, રાજ્ય સરકારે હાઇકોર્ટમાં સોંગદનામામાં જણાવ્યું છે કે, ત્રણ વાર ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારનું લાઇસન્સ રદ થઈ શકે છે

.....................................................................

અનિલ પટેલ, નવીન